Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# જાહેરાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસરના તમામ અનુદાનિત અને સ્વનિર્ભર પ્રોગ્રામોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન જરૂરી યુનિવર્સિટીના નિયમાનુસાર મહેનતાણું ચૂકવવાની પધ્ધતિથી વિવિધ વિષયોની આશરે ૧૦૦ કરતાં વધારે જગ્યાઓ માટે ૧૧ માસ કરાર આધારિત ટીચીંગ આસિસ્ટન્ટની જગ્યા માટે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા.૦૩/૧૧/૨૦૨૧ ના પત્રાંકઃ PRC/1021/UNI-01/KH-2 અંતર્ગત મંજૂરીની અપેક્ષાએ ઓનલાઈન અરજીઓ વિનામૂલ્યે મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૧૭/૦૪/૨૦૨૨ ના સાંજે ૬:૦૦ કલાક સુધીમાં અરજી કરવાની રહેશે. વિસ્તૃત માહિતી યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in. પર ઉપલબ્ધ છે.

ક્રમાંક : જન/એસ્ટા/ટી.આ./૭૧૪૩/૨૦૨૨.
તા.૦૬/૦૪/૨૦૨૨

Sd/-
ઈ.ચા.કુલસચિવ

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

| Position of Teaching Assistant various Programmes<br>Employment Notice No. જન/એસ્ટા/ટી.આ./૭૧૪૩/૨૦૨૨,તા.૦૬/૦૪/૨૦૨૨ | |
|---|---|
| **Sr. No.** | **Subject (Specialization)** |
| 1 | Aquatic Biology |
| 2 | Zoology/Fishery |
| 3 | Fishery Biology |
| 4 | Biotechnology |
| 5 | Microbiology |
| 6 | Bioinformatics |
| 7 | PGDMLT |
| 8 | Inorganic Chemistry |
| 9 | Analytical Chemistry |
| 10 | Physical Chemistry |
| 11 | Organic Chemistry |
| 12 | Mathematics |
| 13 | Physics with Theoretical |
| 14 | Material Science |
| 15 | Electronics |
| 16 | Physics with Electronics |
| 17 | M.Sc. Statistics |
| 18 | Zoology |
| 19 | Interior Design B.I.D. (4 Years), B.Arch.(5 Years), M.I.D. (2 Years), M.Arch. (2 Years) |
| 20 | Comparative Literature |
| 21 | English |
| 22 | Economics |
| 23 | Painting (Specialization) |
| 24 | Painting (Printmaking) |
| 25 | Painting (Foundation Preparatory) |
| 26 | Sculpture (Specialization) |
| 27 | Sculpture (Pottery & Ceramics) |
| 28 | Sculpture (Foundation Preparatory) |
| 29 | Applied (Graphics Specialization) |
| 30 | Applied (Illustration Specialization) |
| 31 | Applied (Foundation Preparatory) |
| 32 | Art History |
| 33 | Gujarati (World Literature) |
| 34 | Gujarati (Indian Literature) |
| 35 | Gujarati (Linguistic) |
| 36 | Gujarati (Folk Literature) |
| 37 | Gujarati {Criticism (Gujarati, Indian and Western)} |
| 38 | HRD {MHRD, MA (HRD), M.L.W.,M.Com.(HRD), MBA (HRD)}<br>*Candidate with additional Degrees/ Qualifications in areas of Law, Computer Science, Statistics and Psychology will be preferred) |
| 39 | Mass Communication & Radio, TV New/ Social Media |
| 40 | Library & Information Science |
| 41 | Sociology |
| 42 | M.S.W. |

| | |
|---|---|
| 43 | Financial and Management Accounting |
| 44 | Botany |
| 45 | Computer Science and Information Technology |
| 46 | Education |
| 47 | Law |
| 48 | Rural Studies |
| 49 | M.Sc.(Agriculture) Ext. Edu. |
| 50 | Life Science/Bioscience/Botany/Zoology |
| 51 | M.Arch.(Landscape Architecture) |
| 52 | Hindi |
| 53 | Master of Labor Welfare |

-----xxxxx------

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## :: ૧૧ માસ કરાર આધારિત ટીચીંગ આસિસ્ટન્ટની જગ્યા માટે ઉમેદવારોએ અરજી કરવા માટેની સૂચનાઓ ::

૧. ૧૧ માસ કરાર આધારિત ટીચીંગ આસિસ્ટન્ટ તરીકે અરજી કરનાર ઉમેદવારો પૈકી ન્યુનત્તમ યુજીસી, ગુજરાત સરકાર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ન્યુનત્તમ ધારા ધોરણ પ્રમાણે ડિગ્રી અને લાયકાત ધરાવનાર ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

૨. ૧૧ માસ કરાર આધારિત ટીચીંગ આસિસ્ટન્ટ તરીકે પસંદગી પામનાર ઉમેદવારોને પીરીયડ દીઠ મહેનતાણું અથવા રૂા.૨૫,૦૦૦/– માસિક બે માંથી જે વધુ હોય તે મુજબ નિયમાનુસાર આપવામાં આવશે.

૩. ૧૧ માસ કરાર આધારિત ટીચીંગ આસિસ્ટન્ટ તરીકે પસંદગી પામનાર ઉમેદવારોને યુનિવર્સિટીના નિયમાનુસાર કાર્યવાહી કરી નિમણૂંક પત્ર આપવામાં આવશે.

૪. ઈન્ટરવ્યુ સંદર્ભે વિભાગના અધ્યક્ષ/ કો-ઓર્ડીનેટર/ કો-કોઓર્ડીનેટર/ પી.જી.ઇન્ચાર્જ/ આચાર્યશ્રી/ ઓ.એસ.ડી. દ્વારા ઉમેદવારનો સંપર્ક કરવામાં આવશે. ઈન્ટરવ્યુ સંદર્ભ કોઇ વિભાગનો ઉમેદવારોએ સંપર્ક કરવો નહી અથવા ફોન કે પુછપરછકરવી નહી.

૫. ઉમેદવારે રોજગાર કચેરીમાં નોંધણી કરાવી Employment Registration Card અરજી સાથે અપલોડ કરવાનું રહેશે.

૬. ઉમેદવારે સંબંધિત પોસ્ટ (જગ્યા) સંદર્ભે અરજીપત્રકની કોપી જરૂરી લાયકાત, અનુભવ, ઉંમર તેમજ અન્ય વધારાની લાયકાતો અંગેના પુરાવાની ખરી નકલ જયારે ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

૭. અરજીપત્રકમાં વધારાની માહિતી આપવા ઉમેદવારની સહી સાથેનો વધારાનો કાગળ સામેલ કરી શકશે.

૮. અનામત કેટેગરી (એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી./વિકલાંગ/EWS) ધરાવતાં ઉમેદવારોએ સક્ષમ સરકારી સત્તા અધિકારીશ્રીનું સર્ટીફીકેટ ઇન્ટરવ્યુ સમયે સાથે લાવવાનું રહેશે.

૯. ઉમેદવારે ભરેલ અરજીપત્રકમાં પત્રવ્યવહારના સરનામાં, ફોન નંબરમાં ફેરફાર થાય તો તે અંગેની અરજી નંબર સાથે જાણ ઈ–મેઈલ gad@vnsgu.ac.in પર કરવાની રહેશે.

૧૦. અધૂરી ભરેલ વિગતવાળા અરજીપત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૧૧. ઉમેદવારે જરૂરી લાયકાત ધોરણ તપાસીને પૂરેપૂરી માહિતી મેળવીને અરજીપત્રક ભરવાનું રહેશે. લાયકાત અંગે કોઇપણ પૂછપરછ ધ્યાને લેવામાં આવશે નહીં.

૧૨. પ્રત્યક્ષ અથવા પરોક્ષ દાબદબાણ ઉમેદવારને ગેરલાયક ઠેરવવાને પાત્ર છે.

૧૩. ઈન્ટરવ્યુ માટે જે તે વિભાગના અધ્યક્ષ/કો-ઓર્ડિનેટર/કો-કોઓર્ડિનેટર/ પી.જી.ઇન્ચાર્જ/ આચાર્યશ્રી/ ઓ.એસ.ડી. બોલાવે તે સમયે કોવિડ-૧૯ મહામારીને કારણે સામાજીક દૂરી જાળવી કોરોના માટેની સરકારશ્રીની SOP (માર્ગદર્શિકા)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. કોઇપણ ઉમેદવાર અગર ખોટી માહિતી આપશે, અધુરી માહિતી કે માહિતી છુપાવવાની કોશિષ કરશે તો તે ઉમેદવાર જે તે જગ્યા માટે ગેરલાયક ઠરશે. અગર આવા ઉમેદવારની નિમણૂંક થશે તો તેને બરતરફ કરવામાં આવશે.

૧૫. ખાલી/વધારાના કાર્યભાર માટે યુનિવર્સિટીના નિયમોને આધિન જે તે ઉમેદવારને નિયત સમય માટે નિમણૂંક આપવામાં આવશે.

૧૬. પસંદગી પામનાર ઉમેદવારોએ શિફ્ટ પધ્ધતિથી (સવારે ૦૭.૦૦ કલાક થી બપોરે ૦૧.૦૦ કલાક અને બપોરે ૧૨.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક અને સાંજે ૦૩.૦૦ થી ૦૯.૦૦ કલાક) કામગીરી તેઓના વિભાગીય વડાશ્રી/ કો-ઓર્ડિનેટર/ આચાર્યશ્રી/ પી.જી. ઇન્ચાર્જ/ કો-કોઓર્ડિનેટર/ઓ.એસ.ડી. ની સુચના અનુસાર ફરજીયાત જે-તે કામગીરી નિયત સમયમાં કરવાની રહેશે.

૧૭. પિરીયડ ઉપરાંત પ્રવેશ, પરીક્ષા, પરિણામ, પાઠયક્રમ અને પ્રાયોગિક પ્રવૃત્તિ, સહ અભ્યાસ પ્રવૃતિ અને વિવિધ કામગીરી જે વિભાગીય વડાશ્રી/ કો-ઓર્ડિનેટર/આચાર્યશ્રી/ પી.જી. ઇન્ચાર્જ/ કો-કોઓર્ડિનેટર/ ઓ.એસ.ડી. અને યુનિવર્સિટી સંબંધિત અધિકારી દ્વારા સોંપવામાં આવશે તે કરવાની રહેશે.

૧૮. પસંદગી પામેલ ૧૧ માસ કરાર આધારિત ટીચીંગ આસિસ્ટન્ટ તરીકે યુનિવર્સિટી નિર્ધારિત કરારનામું રૂા.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર કરવાનું રહેશે.

૧૯. પસંદગી પામેલ ઉમેદવારોને નક્કી કરેલ આર્થિક વળતર સિવાય કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તેમજ પ્રોવિડન્ટ ફંડ અથવા પગારપંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

-----xxxxx------